૪૦૨/૭,૨૮૪

BAPS

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૬ જૂન, ૨૦૧૦)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવેશ - અગિયારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૯

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તમારા દીકરાને પ્રગટ ભગવાનનો યોગ થશે.'' (૫૩)

૨. ''અમે તો રોટલો ને મરચાંનો ગોળો જમીએ છીએ.'' (૩૩)

૩. ''અમને શો લાભ ?'' (૬૩)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. દેવજીભાઈની વાત સાંભળી સંતો આશ્ચર્ય પામ્યા. (૨૨)

૨. ભાવનગરના વજેસંગ બાપુએ સગરામને મળવા બોલાવ્યો. (૧૩)

૩. સર્વે સત્સંગીઓએ હંમેશાં સાયંકાળે મંદિરે જવું જોઈએ. (૪)

**પ્ર.૩** 'વ્યાપકાનંદ સ્વામી' (૧૩) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મહારાજ બોચાસણ કેટલી વાર પધારેલા ? (૨૯)

૨. સચ્ચિદાનંદ સ્વામીએ ચાતુર્માસમાં કયા બે નિયમો લીધા ? (૫૮)

૩. સર્વ જીવો કોની તળે છે ? (૨૪)

૪. મુરદાનવે કોની સાથે યુદ્ધ કર્યું ? (૪૦)

૫. આજીવન કંઠી પહેરી રાખવાથી શું થાય ? (૨)

**પ્ર.૫** ''પ્રહ્લાદજીએ.......' (૭૦) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. છપૈયાપુરમાં ........ ઉપજાવતા હો. (૭૧)

૨. નાથ નિરંતર ........ વસ્તુ સાત. (૧૯)

૩. दुष्प्राप्यमन्यैः ........ नमामि. (૧૮)

૪. कार्यं न सहसा ........ सताम् ॥ (૬૧) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

## વિભાગ-૨ : શાસ્ત્રીજી મહારાજ - અગિયારમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''પેલું અડસઠ તીરથવાળું કીર્તન ગાઓ.'' (૭૫)

૨. ''એ ગુનો થઈ ગયો છે.'' (૨૫)

૩. ''શાસ્ત્રી તો પાદરા ગયા છે.'' (૫૮)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ભગતજી યજ્ઞપુરુષદાસજીને ક્યારેય ન ઉઠાડતા. (૨૩)

૨. વિજ્ઞાનાનંદ અને ડુંગર ભક્તને પ્રેમગાઠ બંધાઈ ગઈ. (૧૨-૧૩)

૩. શાસ્ત્રીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિને પ્રાર્થના કરી, 'હે સ્વામી ! તમારે માટે તો અમે વરતાલથી નીકળ્યા.' (૬૧)

**પ્ર.૯** 'ગુણાતીત સમાધિ સ્થાનમાં મંદિર' (૭૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. યજ્ઞપુરુષદાસના જન્માક્ષર જોઈ જ્યોતિષીએ શું કહ્યું ? (૨૦)

૨. સાધુઓએ ક્યારે સમાધાન કરવાનું આચાર્યને કહ્યું ? (૭૩)

૩. સારંગપુરમાં સ્વામીશ્રીએ શા માટે મોટો દરવાજો કર્યો ? (૮૫)

૪. નગરશેઠ હિંમતલાલભાઈએ લીમડીના ઠાકોરને શું કહ્યું ? (૬૮)

૫. સારંગપુર જતાં અમદાવાદ સ્ટેશને સ્વામીશ્રીએ હરિભક્તોને શું કહ્યું ? (૯૩)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | | | | | | | | |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શાસ્ત્રીજી મહારાજ સારંગપુર આવે ત્યારે નારાયણસ્વરૂપદાસ પાસે શું વંચાવતા ? (૮૨)

(૧) ☐ હરિલીલામૃત (૨) ☐ હરિલીલાકલ્પતરુ

(૩) ☐ ભક્તચિંતામણિ (૪) ☐ નિષ્કુળાનંદ કાવ્ય

૨. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ કેટલી ઉંમરે સંસ્થાના પ્રમુખ બન્યા ? (૮૯)

(૧) ☐ ૨૫ (૨) ☐ ૨૮ (૩) ☐ ૨૭ (૪) ☐ ૨૯

૩. ડુંગર ભક્તને બાળપણમાં કોના આશીર્વાદ મળ્યા હતા ? (૨-૩)

(૧) ☐ ગુણાતીતાનંદ સ્વામી (૨) ☐ ગોપાળાનંદ સ્વામી

(૩) ☐ શુકાનંદ સ્વામી (૪) ☐ યોગાનંદ સ્વામી

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **અંતર ચોખ્ખાં કરવાની સાવરણી :-** કોઠારીએ રાજકોટ કથા કરવાની આજ્ઞા કરી તેમાં ત્રણ હેતુ હતા. પુરાણો ભણાય, ગોંડલ નજીક તેથી ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર અદાશ્રીનો યોગ રહે.

જવાબ : **અંતર ચોખ્ખા કરવાની સાવરણી :-** **ભગતજી**એ રાજકોટ **ભણવાની** આજ્ઞા કરી તેમાં **બે** હેતુ હતા. **સંસ્કૃત વિદ્યા** ભણાય, **જૂનાગઢ** નજીક તેથી **ગુણાતીતાનંદ** સ્વામીના કૃપાપાત્ર **જાગા ભક્તનો** યોગ રહે.

૧. **મંદિર અને સત્સંગથી જુદા નથી :** આપ બોલ્યા તે પ્રગટ શ્રીજીમહારાજ બોલ્યા તેમ તમે જાણો છો. (૫૨)

૨. **વિદ્યારંભ :** તેઓ તને નડિયાદની સંસ્કૃત નિશાળમાં ભણાવી વડોદરા રાજ્યનો મોટો દીવાન બનાવશે. (૯)

૩. **વરતાલ સાથે સમાધાનની વાટાઘાટો :** મહુવાથી વૈષ્ણવ ભક્ત શિવલાલ શેઠ આવ્યા હતા. તેમને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવી હતી. (૭૩)

૪. **સાચા ગુરુભક્ત :** પ્રાગજી ભક્તને જૂનાગઢમાં જળઝીલણીના સમૈયા પર તેડાવવા તેમણે ગોરધનદાસ કોઠારીને વિનંતી કરી. (૩૫)

૫. **કથીરમાંથી હીરો :** શ્રીજીમહારાજે શરત મૂકી : ‘બધા ભગવા પહેરી સાધુ થાય તો તમે જમો.’ (૫૭)

૬. **ગુરુહરિનો પ્રથમ વાર જયંતી મહોત્સવ :** સ્વામીશ્રીની ૮૦મી જયંતી અટલાદરામાં ખૂબ જ ધામધૂમપૂર્વક ઊજવવાનો વિચાર મણીભાઈ સલાડવાળાએ કર્યો. (૮૩)

❋ ❋ ❋

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૪ જુલાઈ, ૨૦૧૦ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**